પ્રભાવકચરિત્ર મુજબ આચાર્યશ્રી માનતુંગસૂરિને કાશીનરેશ શ્રી હર્ષદેવના સમકાલીન માનવામાં આવ્યા છે. હર્ષનો રાજ્યાભિષેક ઈ. સ. ૬૦૮ જણાવવામાં આવે છે. તેથી આચાર્ય માનતુંગસૂરિનો સમય વીરનિર્વાણની બારમી (વિક્રમની સાતમી) શતાબ્દી હોવાનો સંભવ છે.

## સુપ્રસિદ્ધ ચૂર્ણિ સાહિત્યકાર અને પ્રખર વિદ્વાન

# આચાર્ય શ્રી જિનદાસગણિ મહત્તર

શ્રી જૈન શ્વેતાંબર પરંપરામાં આગમ વ્યાખ્યાકાર શ્રી જિનદાસગણિ મહત્તરનું સ્થાન વિશિષ્ટ છે. સમસ્ત જૈનસંઘમાં તેમની પ્રસિદ્ધિ ચૂર્ણિસાહિત્યકાર રૂપે છે. શ્રી જિનદાસગણિના ગુરુનું નામ ગોપાલગણિ મહત્તર હતું. ગોપાલગણિ મહત્તર વાણિજ્યકુલ, કોટિકગણ અને વજ્રશાખાના વિદ્વાન હતા. સ્વ–પર સમયના જ્ઞાતા હતા. શ્રી જિનદાસગણિ મહત્તરના વિદ્યાગુરુ પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ હતા. તેમને ગણિપદ પોતાના ગુરુ દ્વારા મળ્યું હતું અને મહત્તરપદ જનતા દ્વારા મળ્યું હતું.

ચૂર્ણિસાહિત્ય પ્રમાણે શ્રી જિનદાસગણિ મહત્તરના પિતાનું નામ નાગ અને માતાનું નામ ગોપા અનુમાનવામાં આવે છે. તેઓ સાત ભાઈ હતા. દેહડ, સીહ, થોર એ ત્રણ ભાઈ તેમનાથી મોટા હતા અને દેઉલ, ણુણ અને તિઉજ્જગ એ ત્રણ તેમનાથી નાના હતા. નંદીચૂર્ણિના અંતમાં શ્રી જિનદાસગણિ મહત્તરે પોતાના નામનો પરિચય આપ્યો છે. ઉત્તરાધ્યયનચૂર્ણિમાં પોતાના ગુરુનું નામ, કુળ તથા ગણ અને શાખાનો ઉલ્લેખ કર્યો છે. નિશીથચૂર્ણિના પ્રારંભમાં વિદ્યાગુરુ તરીકે પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણનો ઉલ્લેખ કર્યો છે. નિશીથચૂર્ણિના અંતમાં શ્રી જિનદાસ મહત્તરે રહસ્યમય શૈલીમાં પોતાના નામનો પરિચય આપ્યો છે, જે આ પ્રમાણે છે:

**ति चउपण अट्ठमवग्गे ति तिग अक्खरा व तेसिं ।**
**पढमततिएही तिदुसरजुएही णामं कयं जस्स ॥**

અકાર આદિ સ્વરપ્રધાન વર્ણમાળાનો એક વર્ગ માનવાથી अ વર્ગથી श વર્ગ સુધી આઠ વર્ગ બને છે. આ ક્રમથી ત્રીજા च વર્ગનો ત્રીજો અક્ષર ज, ચોથા ट વર્ગનો પાંચમો અક્ષર ण, પાંચમા त વર્ગનો ત્રીજો અક્ષર द, આઠમા વર્ગનો ત્રીજો અક્ષર स તથા પ્રથમ अ વર્ગની ત્રીજી માત્રા इ, બીજી માત્રા आ અને ज ને द સાથે જોડવાથી જે નામ બને છે તે નામને ધારણ કરનાર વ્યક્તિએ આ ચૂર્ણિનું નિર્માણ કર્યું છે. આ નામ **जिनदास** બને છે. પોતાના નામના પરિચય માટે આવા પ્રકારની શૈલી સાહિત્યક્ષેત્રમાં બહુ અલ્પ જોવા મળે છે.

(સાહિત્યક્ષેત્રમાં શ્રી જિનદાસગણિ મહત્તરની પ્રસિદ્ધિ ચૂર્ણિકાર રૂપે છે. વ્યાખ્યાસાહિત્યમાં ચૂર્ણિસાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. ચૂર્ણિઓ ગદ્યમય હોય છે. તેની ભાષા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત હોય છે. ભાષ્ય અને નિર્યુક્તિ કરતાં ચૂર્ણિસાહિત્ય વધારે વિસ્તૃત છે. ગદ્યરૂપે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી નિર્બાધપણે ભાવ વ્યક્ત થઈ શકે છે. આગમગ્રંથો પર વિશાળ પ્રમાણમાં ચૂર્ણિસાહિત્ય રચાયું છે. વર્તમાનમાં આગમસાહિત્ય પર જે ચૂર્ણિઓ મળે છે તેનાં નામ આ પ્રમાણે છે : ૧. નન્દી, ૨. અનુયોગદ્વાર, ૩. આવશ્યક, ૪. દશવૈકાલિક, ૫. ઉત્તરાધ્યયન, ૬. આચારાંગ, ૭. સૂત્રકૃતાંગ, ૮. નિશીથ, ૯. વ્યવહાર, ૧૦. દશાશ્રુતસ્કંધ, ૧૧. ભગવતી, ૧૨. જીવજીવાભિગમ, ૧૩. પ્રજ્ઞાપનાસૂત્ર–શરીરપદ, ૧૪. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ૧૫. કલ્પ, ૧૬. કલ્પવિશેષ, ૧૭. પંચકલ્પ, ૧૮. જીતકલ્પ, ૧૯. ઓઘનિર્યુક્તિ, ૨૦. કર્મપ્રકૃતિ, ૨૧. શતક, ૨૨. અર્ધશતક, ૨૩. સપ્તતિકા વગેરે.

આમાંની પ્રથમ આઠ ચૂર્ણિઓ જિનદાસગણિ મહત્તરની બતાવવામાં આવે છે. અગસ્ત્યઋષિની એક બીજી દશવૈકાલિક ચૂર્ણિ મળે છે. અગસ્ત્યઋષિ વિક્રમની ત્રીજી શતાબ્દીમાં થયા છે. આથી આ ચૂર્ણિની રચના વલભીવાચના પહેલાં થયેલ છે.

**શ્રી જિનદાસગણિરચિત ચૂર્ણિઓ—નંદીચૂર્ણિ :** આ ચૂર્ણિની રચના મૂળ સૂત્રો પર થઈ છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ ચૂર્ણિ મહત્ત્વપૂર્ણ છે. આ ચૂર્ણિમાં માથુરી આગમ-વાચનાનો ઇતિહાસ છે. ચૂર્ણિની શરૂઆતમાં આપેલ ભગવાન મહાવીરસ્વામીના ઉત્તરવર્તી આચાર્યોની નામસૂચિ જૈનશાસનનો ક્રમબદ્ધ ઇતિહાસ જાણવામાં અત્યંત ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. આ નંદીચૂર્ણિ વિ. સં. ૭૩૩માં રચાઈ છે. **અનુયોગદ્વાર ચૂર્ણિ :** આ ચૂર્ણિની રચના પણ મૂળ સૂત્રોને આધારે થઈ છે. આમાં આરામ, ઉદ્યાન, શિબિકા વગેરે શબ્દોની વ્યાખ્યા છે. સાત સ્વર અને નવ પ્રકારના રસોનું વર્ણન પણ આમાં છે. જૈનશાસ્ત્રમાન્ય આત્માંગુલ, ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ આદિ સમજવા માટે આ ગ્રંથવિશેષ ઉપયોગી છે. **આવશ્યકચૂર્ણિ :** આ ચૂર્ણિની રચનામાં નિર્યુક્તિની ગાથાઓનું અનુસરણ છે. ભાષ્યની ગાથા અને સંસ્કૃત શ્લોકોનો પણ ઉપયોગ કર્યો છે. કથાસામગ્રીની દૃષ્ટિથી આ અધિક સમૃદ્ધ છે. શ્રી ઋષભદેવ પ્રભુનું સંપૂર્ણ જીવનવૃત્તાંત, ભગવાનની વિહારચર્યા, વજ્રસ્વામી, આર્યરક્ષિત, વજ્રસેનસૂરિ આદિ પ્રભાવક આચાર્યોના વિવિધ પ્રસંગ, ચેટક અને કોણિકનો મહાસંગ્રામ સાત નિહ્નવોનો પ્રામાણિક ઇતિહાસ આ ચૂર્ણિમાં મળે છે. **દશવૈકાલિકચૂર્ણિ :** આ ચૂર્ણિમાં મુખ્યત્વે નિર્યુક્તિના પદોનું અનુસરણ છે. ધર્મદ્રુમ આદિ પદોની વ્યાખ્યા નિક્ષેપ પદ્ધતિને આધારે કરી છે. આચાર્ય શય્યંભવસૂરિનું જીવનવૃત્તાંત આમાં મળે છે. મુનિચર્યા સંબંધી વિવિધ વિષયોનું વિવેચન આમાં છે. ચૂર્ણિની કથાઓ વિશેષ પ્રભાવક છે. અને જોણિપાહુડ ગ્રંથનો ઉલ્લેખ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. **ઉત્તરાધ્યયન ચૂર્ણિ :** આ ચૂર્ણિની રચના નિર્યુક્તિના પદોને આધારે કરી છે. આ ચૂર્ણિમાં અનેક શબ્દોની નવીન ઉત્પત્તિ પ્રાકૃત ભાષામાં મળે છે. કથાનકો હૃદયસ્પર્શી છે. ચૂર્ણિના અંતમાં ચૂર્ણિકારે વાણિજ્યકુલીન કોટિકગણીય વજ્રશાખી ગોપાલગણિ મહત્તરનો ગુરુ રૂપે ઉલ્લેખ કર્યો છે. **આચારાંગ ચૂર્ણિ :** આ ચૂર્ણિની રચના આચારાંગ નિર્યુક્તિના પદ્યોને આધારે કરી છે. ચૂર્ણિ પ્રાકૃત ગદ્યાત્મક હોવા છતાં સ્થાને સ્થાને સંસ્કૃતના મહત્ત્વપૂર્ણ શ્લોકો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. દરેક શબ્દની વ્યાખ્યામાં ચૂર્ણિની વિશિષ્ટ શૈલી છે. નાગાર્જુનીય આગમવાચનાના પાઠભેદોની પણ સપ્રમાણ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યા આપી છે. જેથી વાચકને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તેમ જ જુદા જુદા દેશોની પરંપરાનું જ્ઞાન થાય છે. આ ચૂર્ણિમાં ગોલ્લદેશના રીતરિવાજોનું વર્ણન છે. **સૂત્રકૃતાંગચૂર્ણિ** : આચારાંગચૂર્ણિની જેમ આ ચૂર્ણિ પણ ભારતીય સંસ્કૃતિ વિશે જ્ઞાન આપવામાં મહત્ત્વપૂર્ણ છે. આ ચૂર્ણિમાં ગોલ્લદેશ, તામ્રલિપિ આદિ દેશોનું વર્ણન, ત્યાંની પરંપરા, રીતરિવાજ, માનવ-સંબંધો આદિની ચર્ચા છે. તીર્થસિદ્ધ આદિ વિવિધ વિષયો તેમ જ વૈનયિકવાદ, નાસ્તિકમત, સાંખ્યમત, ઈશ્વરકર્તૃત્વ, નિયતિવાદ આદિ દાર્શનિક વિષયોની પણ આમાં ચર્ચા છે. **નિશીથચૂર્ણિ** : આ ચૂર્ણિ આચાર્ય જિનદાસ મહત્તરની પ્રૌઢ રચના છે. આ ચૂર્ણિની રચના મૂળસૂત્ર, નિર્યુક્તિ અને ભાષ્યની ગાથાઓને આધારે છે. નમસ્કારના પ્રસંગે અરિહંત, સિદ્ધ અને સાધુ પછી અર્થદાતાના રૂપમાં ચૂર્ણિકાર પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણને વિશેષ પ્રણામ કરેલ છે. આ ગ્રંથના ૨૦ ઉદ્દેશક છે. પ્રસંગે અનેક અન્ય વિષયો પણ ચર્ચ્યા છે. જૈન શ્રમણ-આચાર સાથે સંબંધિત વિધિ–નિષેધોની વિસ્તારથી ચર્ચા અને ઉત્સર્ગમાર્ગ અને અપવાદ-માર્ગની પૂરી સૂચના આ કૃતિમાં મળે છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ શ્રી જિનદાસગણિની ચૂર્ણિઓના આધારે આવશ્યકનિર્યુક્તિ–ટીકા, નંદીસૂત્ર-ટીકા વગેરે રચ્યાં છે. વળી, પોતે 'મહાનિશીથસૂત્ર'નો આદર્શ તૈયાર કર્યો તે આચાર્ય જિનદાસગણિને વંચાવ્યો હતો. 'તીર્થકલ્પ'માં એક એવો ઉલ્લેખ છે કે, શ્રી જિનદાસગણિ મહત્તરે મથુરામાં તપસાધનાપૂર્વક 'મહાનિશીથસૂત્ર'નો જીર્ણોદ્ધાર કર્યો હતો.

નંદીચૂર્ણિ મુજબ શ્રી જિનદાસ મહત્તરનો સત્તાસમય વિક્રમની આઠમી શતાબ્દી છે.

---

**સત્યના ઉપાસક, નિષ્પક્ષ આલોચક, પરમતસહિષ્ણુ, વેદાદિ ચૌદ વિદ્યાના પારગામી, શિષ્યસમ્પદાનો વિરહ ત્યાગી સાહિત્યસર્જન દ્વારા જ્ઞાનસમ્પદાને પ્રાપ્ત કરનારા તથા આગમો પછી રચાયેલ સાહિત્યમાં સંખ્યા, ગુણવત્તા અને શૈલીમાં સર્વોપરી અને શિરમોર**

## યાકીની મહત્તરાસૂનુ આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ

જૈન શ્રમણ પરંપરામાં શ્રી હરિભદ્ર નામે ઘણા આચાર્ય થયા છે. આ હરિભદ્રસૂરિ મહાપ્રભાવક અને મહાન ગ્રંથકાર છે અને 'યાકીનીમહત્તરાસૂનુ' નામે પણ પ્રસિદ્ધ છે. તેમનો સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથરાશિ વિપુલ છે. તેમની પ્રકાંડ વિદ્વત્તા, પ્રખર તર્કવાદિતા, અપૂર્વ જ્ઞાનપ્રતિભા, સમભાવી અને નિષ્પક્ષ આલોચના તેમ જ ભાષાપ્રભુતા ભારતીય સાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયા છે. તેઓ નિષ્પક્ષ અને પરમતસહિષ્ણુ વિદ્વાન હતા. તેમણે પ્રતિપક્ષ માટે મહર્ષિ, મહામુનિ જેવા સન્માનસૂચક શબ્દોનો અનેક પ્રસંગે પ્રયોગ કર્યો છે. નીચેના એક શ્લોકથી તેની ઝાંખી થશે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org